ફોજદારી કેસ નંબર 5009447-

16.

આક નુ સાંધણ

ઠરાવ

આ કામના આરોપી વિરૂદ્ધ ઉપરોક્ત ગુન્હા મુજબનુ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે જે કામે આરોપી હાજર થતા સદરહૂ ગુન્હો કબુલ કરી પ્રથમ ગુન્હો હોવાનુ તથા ગરીબ કુટુબકબીલાવાળા માણસ હોવાનુ જણાવે છે અને ભવિષ્યમાં આવો કે આવા પ્રકારનો ગુન્હો ન કરવાની કોર્ટને બાંહેધરી અને ખાત્રી આપે છે અને આરોપી દ્ધારા જણાવવામા આવેલ છે '' હવેથી હુ દારૂ કે અન્ય કેફી પદાર્થ નહી વેચુ તેમજ જાહેર સ્થળ પર કે અન્ય સ્થળ પર ફરી આ મુજબનો ગુનો હુ નહી કરુ, અને તે ખાત્રી આપુ છુ, વધુમાં આપ સાહેબને હુ જાહેર કરૂ છુ કે અગાઉ મે આ મુજબના ગુનામાં સંડોવાયેલ નથી તેમજ અગાઉ મને આ મુજબ ના ગુનામાં સજા કરવામાં આવેલ નથી" વધુમાં આરોપીને સજા અંગેની જોગવાઈની સમજ આપવામાં આવેલ છે. ત્યારબાદ પણ આરોપી સદર ગુન્હો કબુલ કરતા હોય, આરોપીની કબુલાત સ્વૈચ્છીક જણાઈ આવે છે. તેમજ સદર કામે આરોપી સામેનો કેસ એ જુના પ્રોહીબિશન એક્ટ અન્વયેનો છે, તે ઉપરાંત કેસના સંજોગો ધ્યાને લેતા અને સજાની જોગવાઈ અંગેના નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રકાશીત ચુકાદાના માર્ગદર્શક સિદ્ધાંતોને ધ્યાનમાં લેતા, આરોપીને ઓછી સજા કરવી ન્યાયોચીત જણાય છે. અહિ નોંધવાનુ થાય કે સદર ગુના એ જુના પ્રોહીબિશન ના કાયદા અન્વયે છે, અને આરોપીને સુધરવાની તક મળે તે હેતુથી અને કેસના સંજોગોને ધ્યાનમાં લઈ ન્યાયના હિતમાં નિચે મુજબનો આખરી હુકમ કરૂ છુ.

– હુકમ –

૧.   આ કામના આરોપીને ક્રિ.પ્રો.કો.કલમઃ૨૫૨ અન્વયે પ્રોહીબિશન એક્ટની કલમ-૬૬(૧)(બી),૬૫ ઈ મુજબના ગુન્હામાં દોષિત ઠરાવી, સદરહૂ ગુન્હો કરવા બદલ મજકૂર આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા દંડ રૂા.**૨૦૦/-**અંકે રૂપીયા **બસો પુરા** ફરમાવવામાં આવે છે, જો દંડ ન ભરે તો તેને વધુ દિવસ **બે** ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

૨.   બિનકિંમતી મુદ્દામાલનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ સ્પેશ્યલ સીટીંગ અન્વયે ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.

તા.૦૮/૧૨/૨૦૧૮.

(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ, અમદાવાદ
કોર્ટ નંબર-૦૯.
**Unique Code No. GJOO854.**

-